પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૨ | ૨ જુન, ૨૦૧૯, રવિવાર; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશભરમાં ‘હિટવેવ’નો હાહાકાર

**રાજસ્થાનના ચરુમાં ૫૦.૮, ગંગાનગરમાં ૪૯.૬ ડિગ્રી : હિમાચલના ઉનામાં ગરમીનો પારો ૪૪.૭ ડિગ્રી : ૩૨થી વધુ મોત, જનજીવન પર માઠી અસર : તેલંગાણામાં સૌથી વધુ લોકોના મોત થયા : આગામી ૩ દિવસ સુધી હિટવેવ જારી રહેવા માટેની ઘોષણા : દિલ્હીમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી**

નવી દિલ્હી,તા. ૧

દેશભરના મોટાભાગના રાજ્યોમાં ભીષણ ગરમી અને લૂનો પ્રકોપ જારી રહ્યો છે. અનેક જગ્યાઓ ઉપર તાપમાન ૪૫થી પણ ઉપર પહોંચી ગયો છે. બીજી બાજુ રાજસ્થાનના ગંગાનગરમાં ૫૦ ડિગ્રીની આસપાસ પારો પહોંચી જતા હાહાકાર મચી ગયો છે. દેશમાં આ વર્ષે હિટવેવના કારણે હજુ સુધી ૩૨ લોકોના મોત થઈ ચુક્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ત્રણ દિવસ સુધી ભીષણ હિટવેવથી કોઈ રાહત મળવાની શક્યતા નથી. દેશના મોટાભાગના વિસ્તારો હિટવેવના સકંજામાં આવી ગયા છે જેમાં પશ્ચિમી રાજસ્થાનમાં મોટાભાગના વિસ્તારો સામેલ છે. ઉપરાંત પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઉત્તર કર્ણાટક, બિહાર, ઝારખંડ, કર્ણાટક મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભીષણ ગરમી અને લૂનો પ્રકોપ જારી રહેવાની શક્યતા છે. હિટવેવના પરિણામ સ્વરુપે આ વર્ષે તેલંગાણામાં સૌથી વધુ મોત થયા છે. છેલ્લા ૨૪ દિવસના ગાળામાં જ તેલંગાણામાં ગરમી અને લૂના લીધે ૧૮ લોકોના મોત થઈ ચુક્યા છે. આવી જ રીતે આંધ્રપ્રદેશમાં આ સિઝનમાં ત્રણ લોકોના મોત લૂ લાગવાના કારણે થઈ ચુક્યા છે. ૨૩૩થી વધુ લોકો બિમાર હાલમાં હોવાનું જાણવા



મળ્યું છે. બંને રાજ્યોમાં ૨૦૧૫માંભીષણ લૂના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. એકલા આંધ્રપ્રદેશમાં લૂ લાગવાથી ૧૩૬૯ લોકોના મોત થયા હતા જ્યારે તેલંગાણામાં ૨૦૧૫માં ૫૪૧ લોકોના મોત થયા હતા. ગયા વર્ષે પણ ૨૭ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં પણ હાલત કફોડી બનેલી છે. અહીં ગરમીના કારણે હજુ સુધી આઠ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૪૫૬ લોકો બિમાર થયા છે. નાગપુર ક્ષેત્રમાં સૌથી વધુ લોકોને અસર થઈ છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં આવી જ હાલત બનેલી છે. કેટલીક જગ્યાએ પારો ૫૦ની આસપાસ પહોંચી ચુક્યો છે. ગઈકાલે રાજસ્થાનના ગંગાનગરમાં પારો ૪૯ સુધી પહોંચ્યો હતો. ગંગાનગરમાં પારો ૪૯.૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો જ્યારે અલ્હાબાદમાં ગુરુવારના દિવસે પારો ૪૮.૬ સુધી પહોંચી ગયો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ દિલ્હીમાં આજે રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. આજે શનિવારના દિવસે તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો. ગઈકાલે ચાણક્યપુરીમાં પારો ૪૭ સુધી પહોંચ્યો હતો. આજે ૪૫ ડિગ્રી સુધી તાપમાન રહ્યું હતું. હિટવેવની સ્થિતિ એ વખત સુધી જારી રહી શકે છે જ્યાં સુધી બંગાળના અખાતમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## એલપીજી સિલિન્ડરમાં ભાવ વધારો

**સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧.૨૩ રૂપિયાનો વધારો : સબસિડી વગરના ગેસ સિલિન્ડર માટે કિંમતમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો**

નવી દિલ્હી,તા. ૧

જુન મહિનાની આજે શરૂઆત થવાની સાથે જ ગેસ સિલિન્ડરની કિંમતમનાં વધુ વધારો થઈ ગયો છે. ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવતા સામાન્ય લોકો પર નજીવો બોજ ઝીંકાયો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમત પહેલી જુનથી પ્રતિ સિલિન્ડર ૨૫ રૂપિયા વધી ગઈ છે. બીજી બાજુ સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમત એક રૂપિયા ૨૩ પૈસા વધી ગઈ છે. સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા માહિતી આપવામાં આવી છે કે દિલ્હીમાં આજથી સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમત ૪૯૭ રૂપિયા થઈ ગઈ છે. જેની કિંમત મે મહિનામાં ૪૯૬ રૂપિયા હતી. નિષ્ણાંતોના કહેવા મુજબ આંતરરાષ્ટ્રીય તેલ કિંમતમાં હાલમાં વધારો થયો

● અનુસંધાન પાન-૭ પર

## જીએસપીનો દરજ્જો અમેરિકાએ પાછો ખેંચ્યો

**પાંચમી જૂનથી ટ્રમ્પનો નિર્ણય અમલી કરાશે : મજબૂત સંબંધ જાળવવા કામ કરીશું : ભારતની પ્રતિક્રિયા**

નવીદિલ્હી, તા. ૧

અમેરિકાએ ભારતને મળેલા સામાન્ય મહત્વની વ્યવસ્થા (જીએસપી)ના દરજ્જાને ખતમ કરી દેવાનો નિર્ણય કર્યો છે જે પાંચમી જૂનથી અમલી બનનાર છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં આ અંગેની જાહેરાત કરી છે. જીએસપી એટલે જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ (જીએસપી)નો દરજ્જો પરત ખેંચી લેવામાં આવ્યો છે. અમેરિકા દ્વારા અન્ય દેશોને વેપારમાં આપવામાં આવતા મહત્વની આ સૌથી જૂની પદ્ધતિ પૈકીની એક છે. આની શરૂઆત ૧૯૭૬માં વિકાસશીલમાં આર્થિક વૃદ્ધિ વધારવા માટે કરવામાં આવી હતી. વિકાસશીલ દેશોને મદદ કરવાનો આની પાછળ હેતુ હતો. દરજ્જો ધરાવતા દેશોને હજારો ચીજવસ્તુ કોઈપણ પ્રકારના ચાર્જ વગર અમેરિકાને નિકાસ કરવાની મંજુરી આપવામાં આવી હતી. ભારત ૨૦૧૭માં જીએસપી કાર્યક્રમના સૌથી મોટા લાભાર્થી તરીકે રહેતા આ દરજ્જો પરત ખેંચાતા તેને અસર થઈ શકે છે. વર્ષ ૨૦૧૭માં ભારતે આની હેઠળ અમેરિકાને ૫.૭ અબજ ડોલરની ચીજવસ્તુઓની નિકાસ કરી હતી. હજુ સુધી આશરે ૧૨૯ દેશોની આશરે ૪૮૦૦ ચીજવસ્તુ માટે જીએસપીનો ફાયદો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સોનિયા ગાંધી સંસદીય દળના નેતા વરાયા

**રાહુલ ગાંધીની લીડરશીપની સોનિયા ગાંધી દ્વારા પ્રશંસા કરાઈ : રાહુલે કોંગ્રેસ માટે દિનરાત એક કરીને પ્રચારમાં જોરદાર મહેનત કરી હતી : કોંગીમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ ૧૨.૧૩ કરોડ લોકોને માનેલો આભાર**

નવીદિલ્હી, તા. ૧

કોંગ્રેસ સંસદીય દળની બેઠકમાં સોનિયા ગાંધીને આજે ફરી એકવાર સંસદીય દળના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. કોંગ્રેસ સંસદીય પક્ષના નેતા પહેલા રાહુલ ગાંધીને બનાવવાની અટકળો ચાલી રહી હતી પરંતુ આ અટકળોનો આજે અંત આવ્યો હતો. સોનિયા ગાંધીની ફરી પસંદગી કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામાની ઓફર રાહુલ ગાંધી

● અનુસંધાન પાન-૭ પર




## વિપક્ષ નેતાની માંગ નહીં કરાય

નવી દિલ્હી, તા. ૧

કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, લોકસભામાં તેમના સાંસદોની સંખ્યા નેતા વિપક્ષના પદ માટે ઓછી છે જેથી તે આના માટે દાવો કરશે નહીં. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના માત્ર ૪૪ સાંસદ હતા જેથી પાર્ટીને નેતા વિપક્ષનો દરજ્જો મળ્યો ન હતો. આ વખતે પણ નેતા વિપક્ષના માટે જરૂરી સંખ્યા પાર્ટી પાસે નથી જેના કારણે કોંગ્રેસે આનો દાવો નહીં કરવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું છે કે, આવી કોઈપણ પ્રકારની

● અનુસંધાન પાન-૭ પર





